હાઇબ્રિડ ગાંજાના કેસમાં આરોપી એજાઝ ખાનની જામીનઅરજી ફગાવાઈ

સુરતઃ બેંગકોકથી સુરત આવતી ફ્લાઇટમાંથી હાઇબ્રિડ ગાંજા સાથે સુરત ડીઆરઆઈ દ્વારા એજાઝ ખાનની ધરપકડ કરવામાં આવી હતી, હાલ આરોપી લાજપોર જેલમાં બંધ છે. આરોપી એજાઝ ખાને વકીલ મારફતે કોર્ટમાં જામીનઅરજી કરી હતી. સુરત ડીઆરઆઈ તરફે ખાસ સરકારી વકીલ ઇમરાન મલેકે દલીલ કરી હતી કે હાઇબ્રિડ ગાંજો ખૂબ નશાકારક છે અને યુવાનો માટે ખૂબ જ હાનિકારક છે. કોર્ટે બંને પક્ષની દલીલો બાદ જામીનઅરજી નામંજૂર કરી છે. અંત્રે નોંધનીય છે કે આરોપી એજાઝ ખાન એન્ડીપીએસ એક્ટની કલમ 20, 23, 28, અને 29 સાથે કલમ 8(સી) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો અને ધરપકડ કરવામાં આવી હતી.

ઉનમાં પહેલા માળેથી પટકાતાં બે વર્ષના બાળકનું મોત

સુરતઃ ઉન પાટિયા શાલીમાર સોસાયટીમાં આફતાબ શેખ બે સંતાન સહિતના પરિવાર સાથે રહે છે અને ડાઇંગ મિલમાં નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેના સંતાન પૈકી બે વર્ષીય પુત્ર દાનિશ 12 ડિસેમ્બરના રોજ સાંજે ઘરમાં રમી રહ્યો હતો. દરમિયાન તે રમતા રમતા પહેલા માળે અગાસી પર ગયો હતો અને ત્યાંથી નીચે પડી ગયો હતો. તેને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં સારવાર દરમિયાન સોમવારે બપોરે તેનું મોત નીપજ્યું હતું.

પરિવારની આર્થિક સ્થિતિના તણાવમાં વેલંજાની 19 વર્ષીય ઐશ્વર્યાનો ફાંસો

સુરતઃ મૂળ અમરેલી વડેરાગામના વતની અશ્વિનભાઈ પાનસુરીયા હાલ વેલંજારોડ પર કામધેનુ સોસાયટીમાં પરિવાર સાથે રહે છે અને ચાની લારી પર મજૂરી કામ કરીને પરીવારનું ગુજરાન ચલાવે છે. તેમના સંતાન પૈકી ઐશ્વર્યા (19 વર્ષ)એ ધોરણ 10 સુધીનો અભ્યાસ કર્યો હતો અને હાલ તે ઘરમાં માતા સાથે સાડી પર સ્ટોન ચોંટાડવાનું કામ કરી આર્થિક રીતે મદદરૂપ થતી હતી. ઘરની આર્થિક સ્થિતિ સારી ન હોવાના ટેન્શનમાં તેણે રવિવારે સાંજે ઘરમાં લોખંડના હુક સાથે દોરી બાંધી ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી.

કાપોદ્રામાં પાણી છાંટતી વખતે બીજા માળેથી પટકાતાં આધેડનું મોત

સુરતઃ મૂળ અમરેલી રાજુલાના વતની પ્રફુલ બચુભાઈ સાવલિયા (47 વર્ષ) હાલ કાપોદ્રાના શ્રીજીનગરમાં રહેતા હતા. પ્રફુલ મજૂરી કામ કરીને પરીવારનું ગુજરાન ચલાવતા હતા. રવિવારે સવારે પ્રફુલ ઘરની પાસે જ નવા બંધાતા ઘરમાં પાણી છાંટવાની મજૂરી પર ગયા હતા. જ્યાં પાણી છાંટતી વખતે તે બીજા માળેથી નીચે પટકાયા હતા. તેમને 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં મોત નીપજ્યું હતું.

રાણીતળાવમાં બે માળનું મકાન જૂનું અને લાકડાનું હોવાથી જોખમી હતું

જર્જરિત મકાન તૂટ્યું, બે વૃદ્ધના રેસ્ક્યુ

ડુંગર શેરીની વહેલી સવારની ઘટનાથી ભયનો માહોલ, મકાનમાં પાંચ લોકો હાજર હતા, જાનહાનિ ટળતાં રાહત

(તસવીર : સતીષ જાદવ)

સુરત મનપાએ જર્જરિત મકાનને બે વખત નોટિસ ફટકારી હતી

નોંધનીય છે કે આ મકાન અત્યંત જર્જરિત હોવા છતાં તેમાં પરિવાર રહેતો હતો. સુરત મહાનગરપાલિકા દ્વારા આ મિલકત અંગે અગાઉ બે વખત નોટિસ આપવામાં આવી હતી. પહેલી નોટિસ તારીખ ૧૩/૦૭/૨૦૨૧ના રોજ અને બીજી નોટિસ તારીખ ૧૪/૦૭/૨૦૨૫ના રોજ જર્જરિત મિલકત તરીકે ફટકારવામાં આવી હતી. તેમ છતાં મિલકતના માલિકોએ કોઈ પગલું નહીં ભરતાં આજે આ ગંભીર અકસ્માત સર્જાયો હતો.

સુરતઃ શહેરના રાણી તળાવ વિસ્તારમાં આજે વહેલી સવારે ડુંગર શેરીનું ગ્રાઉન્ડ સહિત બે માળનું જૂનું અને જર્જરિત મકાન ધરાશાયી થતાં સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી જવા પામી હતી. લાકડાનું આખું મકાન તૂટી પડતાં આસપાસના રહીશો ગભરાઈ ગયા હતા. આ ઘટનામાં મકાનના કાટમાળ નીચે બે વૃદ્ધ વ્યક્તિ દબાઈ ગયા હતા, જો કે ફાયર બ્રિગેડની સમયસરની કાર્યવાહીથી બંનેને સહીસલામત બચાવી લેવામાં આવ્યા હતા.

બનાવની જાણ થતાં ઘાંચીશેરી અને નવસારી બજાર ફાયર સ્ટેશનમાંથી ફાયર બ્રિગેડના જવાનોનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. ફાયર બ્રિગેડે તાત્કાલિક કાટમાળ હટાવી રેસ્ક્યુ કામગીરી શરૂ કરી હતી. કાટમાળ નીચે દબાયેલા 69 વર્ષીય ખાલીદ અબ્દુલ રહીમ પેટીવાલા અને 67 વર્ષીય શહીદ ઈસ્માઈલ પેટીવાલાને ઈજાગ્રસ્ત હાલતમાં બહાર કાઢવામાં આવ્યા હતા. બંનેને સામાન્ય ઈજાઓ થઈ હતી અને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હોવાનું ફાયર વિભાગે જણાવ્યું છે.

સબ ફાયર ઓફિસર રસીક ગામીતે જણાવ્યું હતું કે મકાન સંપૂર્ણપણે લાકડાનું અને બહુ જૂનું હોવાથી તેની સ્થિતિ અત્યંત નબળી હતી. સવારે મકાનમાં ચારથી પાંચ લોકો હાજર હતા, જેમાંથી બે વૃદ્ધ જ કાટમાળ નીચે દબાયા હતા. સદનસીબે અન્ય કોઈ જાનહાની થઈ નથી.

સંગીતકારની માતાના મોતના કેસમાં બે તબીબને પણ આરોપી બનાવવા અરજી

સંગીતકાર ઈસ્માઈલ દરબારની માતાના અવસાનમાં ગિરીશ ગ્રુપ ઓફ હોસ્પિટલ સામે તબીબી બેદરકારીની ફરિયાદ થઈ હતી

પોલીસે રજૂ કરેલી ચાર્જશીટમાં ડો.ગિરીશ શાહ અને ડો.આશિષ જોશીને આરોપી નહીં દર્શાવાતાં ફરિયાદ પક્ષે કોર્ટની દાદ માંગી

સુરતઃ જાણીતા ગાયક, સંગીતકાર ઈસ્માઈલ દરબારના માતાના મૃત્યુ અંગેના કેસની ચાર્જશીટમાં ગિરીશ ગ્રુપ ઓફ હોસ્પિટલના ડો.ગિરીશ ઝેડ શાહ અને ડો.આશિષ જોશીને આરોપી નહીં બનાવતા આજે કોર્ટમાં મૂળ ફરિયાદી તરફે અરજી આપવામાં આવી છે.

જાણીતા ગાયક કલાકાર ઈસ્માઈલ દરબારના માતાનું ગિરીશ ગૃપ ઓફ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. હોસ્પિટલે બેદરકારી દાખવી હોવાનો આક્ષેપ કરી પરિવારે અઠવા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી.

આ કેસમાં અઠવા પોલીસે કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી, જેમાં ડો.ગિરીશ ઝેડ શાહ અને ડો.આશિષ જોશીને આરોપી તરીકે દર્શાવવામાં આવ્યાં ન હતા.

મૂળ ફરિયાદી તરફે વકીલ કેતન રેશમવાલાએ કોર્ટમાં બંનેને આરોપી તરીકે જોડવા માટે અરજી આપી હતી. ડો.ગીરીશ ઝેડ. શાહને કોર્ટ દ્વારા હોસ્ટાઈલ જાહેર કરવામાં આવ્યા હોવાનો પણ ઉલ્લેખ આ અરજીમાં કરવામાં આવ્યો છે. વકીલ કેતન રેશમવાલાએ જણાવ્યું હતું કે કે આ અંગે કોર્ટમાં આગામી શુક્રવારે સુનાવણી થશે.

ગોળ લેવાના બહાને ઘરમાં ઘૂસી બાળકીને ચુંબન કર્યું

અડાજણના ગોળના વેપારીની દીકરી ઘરમાં એકલી હતી ત્યારે ધમા મિસ્ત્રી નામના પડોશીનું હીન કૃત્ય

બાળકી સાથે બેડ ટચ કરી અભદ્ર વાત પણ કરી, પોલીસે મંદિરના કારીગર એક દીકરીના પિતા ધમા મિસ્ત્રીની ધરપકડ કરી

સુરતઃ અડાજણ વિસ્તારમાં પિતાની ઉંમરના પડોશીએ ગોળ લેવાના બહાને ઘરમાં વૃદ્ધ સિવાય અન્ય કોઈ નહીં હોવાનો લાભ લઈ કિશોરીને બાહુપાશમાં જકડી કિસ કરી અને કાનમાં 'મને એક વાર કરવા દે' તેવું કહી નીકળી ગયો હતો. કિશોરીએ આ મામલે પિતાને કોલ કરી પાડોશના કાકાએ મને બેડ ટચ કર્યું હોવાની હકીકત જણાવતા તે ચોંકી ઊઠ્યા હતા અને પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસે નરાધમ પડોશી વિરુદ્ધ ગુનો નોંધી તેની ધરપકડ કરી છે.

અડાજણ વિસ્તારમાં ગોળના વેપારી પરિવાર સાથે રહે છે અને તાપી જિલ્લામાં ગોળનું કોલુ ચલાવે છે. ગત 14મીની રાત્રે ગોળના વેપારીની 15 વર્ષીય દીકરી અને તેના દાદા ઘરમાં હાજર હતા, જ્યારે તેની માતા અને મોટી બહેન બહાર ગયા હતા. આ દરમિયાન પડોશમાં રહેતા ધમા મિસ્ત્રી ગોળ લેવા આવ્યા હતા. કિશોરી અને તેના દાદા એકલા હોવાથી ધર્મેશે કિશોરી પર દાનત બગાડી હતી. કિશોરી ગોળ લેવા રસોડામાં ગઈ તો તે ગોળ ચાખવાના બહાને તેની પાછળ ગયો અને ધમાએ બાળકીને પાછળથી પકડી લીધી, તેની છાતી પર હાથ ફેરવ્યો અને ગાલ પર ચુંબન કરી લીધું હતું. તેણે બાળકીને કાનમાં 'મને એક વાર કરવા દે' જેવી અભદ્ર વાત કરી હતી. કિશોરીએ તરત જ તેના પિતાને ફોન કરીને વાત જણાવતાં પિતા ગોળના કોલા પરથી તુરંત સુરત પરત ફર્યા હતા. સુરત આવી બીજા દિવસે અડાજણ પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસે ધમા કાકા વિરુદ્ધ ગુનો નોંધી તાત્કાલિક ધરપકડ કરી લીધી હતી. પોલીસ તપાસમાં આરોપી સેવનના મંદિર બનાવવાનું કામ કરે છે અને એક દીકરીના પિતા છે.

રાજ ટેક્સટાઈલ માર્કેટની A અને C વિંગ ખોલવા ફોસ્ટાની તંત્ર સમક્ષ માંગ

આગની અસર ન થયેલી દુકાનો તાત્કાલિક ખોલવા SVNIT પાસેથી સ્ટ્રક્ચરલ સ્ટેબિલિટી રિપોર્ટ ઝડપથી મેળવી નિર્ણય લેવા પાલિકા, પોલીસ કમિશનર સમક્ષ ફોસ્ટાની રજૂઆત

સુરતઃ સુરત શહેરના પર્વત પાટિયા-ડુંભાલ રોડ પરની રાજ ટેક્સટાઈલ માર્કેટમાં તાજેતરમાં બનેલી ભીષણ આગની ઘટનાને પગલે ફેડરેશન ઓફ સુરત ટેક્સટાઈલ ટ્રેડ એન્ડ ટ્રેડર્સ એસોસિએશન (ફોસ્ટા) દ્વારા મહત્વપૂર્ણ રજૂઆત કરવામાં આવી છે. રાજ ટેક્સટાઈલ માર્કેટની A અને C વિંગ બિલ્ડિંગમાં દુકાનો ધરાવતા કાપડ વેપારીઓ તરફથી મળેલી રજૂઆતોને આધારે ફોસ્ટાએ તંત્રને આગની અસર ન થયેલી આ બે વિંગની દુકાનો વેપાર માટે ફરીથી ખોલવાની મંજૂરી આપવા માંગ કરી છે.

ફોસ્ટાએ આજે સુરત મહાનગર પાલિકા, પોલીસ કમિશનર તેમજ સ્ટ્રક્ચરલ સ્ટેબિલિટી રિપોર્ટ આપવાની જવાબદારી ધરાવતા SVNITના એન્જિનિયરિંગ વિભાગ સમક્ષ લેખિત રજૂઆત કરી હતી. રજૂઆતમાં જણાવાયું હતું કે રાજ ટેક્સટાઈલ માર્કેટની B વિંગમાં આગની સીધી અસર અને અતિશય ગરમીને કારણે બિલ્ડિંગ ભયજનક બની જતા તંત્ર દ્વારા તેને સીલ કરી પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, જે યોગ્ય છે. પરંતુ આગની કોઈ સીધી અસર ન થયેલી A અને C વિંગને પણ સ્ટ્રક્ચરલ રિપોર્ટ ન આવે ત્યાં સુધી સીલ કરવામાં આવતા વેપારીઓને ભારે આર્થિક નુકસાન ભોગવવું પડી રહ્યું છે.

ફોસ્ટાના જણાવ્યા મુજબ, A અને C વિંગની ઈમારતો સુરક્ષિત હોવાનું પ્રાથમિક રીતે જણાઈ રહ્યું છે. તેથી SVNIT દ્વારા તાત્કાલિક સ્ટ્રક્ચરલ સ્ટેબિલિટી રિપોર્ટ તૈયાર કરી, આગથી અસંબંધિત અને સુરક્ષિત હોવાનું સાબિત થતી વિંગમાં દુકાનો ખોલવાની મંજૂરી આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. ફોસ્ટાએ દલીલ કરી હતી કે લાંબા સમય સુધી દુકાનો બંધ રહેવાને કારણે વેપારીઓની રોજી-રોટી પર સીધી અસર પડી રહી છે અને ટેક્સટાઈલ ઉદ્યોગમાં પહેલેથી જ ચાલી રહેલી મંદી વચ્ચે આ પરિસ્થિતિ વધુ કઠિન બની રહી છે. ફોસ્ટાએ તંત્રને અપીલ કરી છે કે વેપારીઓના હિતને ધ્યાનમાં રાખીને ઝડપથી નિર્ણય લેવાય અને જે બિલ્ડિંગમાં કોઈ જોખમ ન હોય ત્યાં વેપાર પ્રવૃત્તિ ફરી શરૂ કરવાની પરવાનગી આપવામાં આવે. હવે તંત્ર દ્વારા SVNITના સ્ટ્રક્ચરલ સ્ટેબિલિટી રિપોર્ટ બાદ A અને C વિંગ બાબતે શું નિર્ણય લેવાશે તે તરફ વેપારીઓની નજર મંડાઈ છે.

સગીરાની સતામણીમાં પાંચ વર્ષની સખ્ત કેદની સજા

લગ્નની લાલચ આપી બળજબરી છેડતી કરી હતી, મદદગારી કરનારા મિત્રને પણ પાંચ વર્ષની જ જેલ

સુરતઃ લગ્નની લાલચ આપી મિત્રના ઘરે લઈ જઈ પીડિતા સાથે જાતીય સતામણી કરનારા આરોપી અને આ ગુનામાં મદદરૂપ થનારા મિત્રને એડિશનલ સેશન્સ જજે પાંચ વર્ષની સખત કેદની સજા અને દંડ ફટકાર્યો છે. સચિન પોલીસ સ્ટેશને નોંધાયેલી ફરિયાદ મુજબ આ કેસમાં ભોગ બનનારની સચિન જીઆઈડીસીમાં કામ કરતી વેળા આરોપી અબ્દુલ બાસીત મોહમ્મદ બિલાલ કુરેશીની સાથે મિત્રતા થઈ હતી. આરોપીએ લગ્નની લાલચ આપી મિત્ર જુનેદ હસન શેખના ઘરે લઈ ગયો હતો. જ્યાં એક રૂમમાં આરોપી અબ્દુલ બાસીતે ભોગ બનનારની સાથે જબરદસ્તી કરી છેડતી કરી હતી. આ બનાવ અંગે ભોગ બનનારના ભાઈએ આરોપી અબ્દુલ બાસીત અને ગુનામાં મદદરૂપ થનાર તેના મિત્ર જુનેદ શેખની સામે ફરિયાદ નોંધાવી હતી. સચિન પોલીસે તપાસના અંતે કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. આ કેસની ઈન્સાફી કાર્યવાહી 9મા એડિશનલ સેશન્સ જજની કોર્ટમાં ચાલી હતી. સરકાર તરફે વકીલ ડી વી દવેએ દલીલો કરી હતી. કોર્ટે બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ આરોપીઓને દોષિત ઠેરવ્યા હતા. કોર્ટે બંને આરોપીને પાંચ વર્ષની સખત કેદની સજા અને દંડ ફટકાર્યો છે.

સદનસીબે કોઈ ગંભીર બાબત બની નથી

ભોગ બનનાર સગીર વયની છે તેવી હકીકત જાણતા અને માનતા હોવા છતાં તેણીની મુગ્ધાવસ્થા અને તરુણાવસ્થાનો ગેરલાભ ઉઠાવી તેને લગ્નની લાલચ આપીને અપહરણ કરીને તેની ઉપર જાતીય હુમલો આરોપીઓએ કરેલ છે અને જાતીય સતામણી કરેલ છે. સદનસીબે તેની સાથે વધારે કોઇ ગંભીર બાબત બનેલ નથી. બાકી આરોપીઓનો ઇરાદો તો ભોગ બનનારની એકલતાનો, વિશ્વાસ તેમજ નાજુક ઉમરનો ગેરલાભ ઉઠાવવાનો જ હતો તેમ કોર્ટે ચુકાદામાં જણાવ્યું હતું.

પત્નીની હત્યા કર્યા બાદ બીજા લગ્ન કરી લોકેશન બદલતો પતિ પકડાયો

૯ વર્ષ પહેલા પેરોલ પર છૂટ્યા બાદ બીજા લગ્ન કરી સતત સ્થળ બદલતો હતો

સુરત : ગુજરાત પોલીસના 'ઓપરેશન કારાવાસ' અંતર્ગત સચિન પોલીસે મોટી સફળતા મેળવી છે. પત્નીના હત્યાના ગુનામાં આજીવન કેદની સજા પામેલા અને છેલ્લા નવ વર્ષથી પેરોલ જમ્પ કરીને ફરાર થયેલા આરોપીને હરિયાણાના ગુરુગ્રામથી પકડી પાડવામાં આવ્યો છે. આરોપી પોલીસ પકડથી બચવા બીજા લગ્ન કરી પરિવારથી સંપર્ક વિહોણો રહી સતત લોકેશન બદલતો હતો.

સચિન પોલીસની એક ટીમને લાજપોર મધ્યસ્થ જેલમાંથી પેરોલ જમ્પ કરીને ફરાર થયેલા આરોપી સુરેન્દ્ર કલ્લુ પ્રસાદ વર્મા (ઉં. ૪૨, મૂળ. બ્યોહરા, થાના સરધુવા, જિ. કર્વી, ચિત્રકુટ, ઉત્તર પ્રદેશ) વિશે માહિતી મળી હતી. આ આરોપી સચિન પોલીસ સ્ટેશનમાં ૨૦૦૭ના દહેજની માંગણી લઈ પત્નીની હત્યા કરતા આજીવન કેદની સજા પામ્યો હતો. ૨૦૧૬માં પેરોલ પર છૂટ્યા બાદ હાલ ફરાર છે. આ મામલે તપાસ કરતા સચિન સર્વેલન્સ ટીમને હ્યુમન સોર્સ અને ટેક્નિકલ સર્વેલન્સથી જાણવા મળ્યું કે આરોપી હરિયાણાના ગુરુગ્રામમાં દેવેન્દ્ર ગુર્જરના રૂમમાં રહે છે. ઉપરી અધિકારીઓની મંજૂરી મેળવીને એક ટીમ તા. ૬/૧૨/૨૦૨૫ના રોજ ઉત્તર પ્રદેશના ચિત્રકુટ જિલ્લા પહોંચી ત્યાં સરધુવા પોલીસની મદદથી આરોપીના ઘરે તપાસ કરી, પરંતુ તે મળ્યો નહીં. આરોપીના માતા-પિતા, ભાઈ અને ગામના પ્રધાન પાસેથી જાણવા મળ્યું કે તે છેલ્લા ૭-૮ વર્ષથી પરિવારથી અલગ છે અને તેની કોઈ ખબર નથી.

આરોપી અગાઉ કર્વીમાં ઈ-રિક્ષા ચલાવતો હોવાની હકીકત જાણીને ટીમે ત્યાંના રિક્ષા સ્ટેન્ડ પર તપાસ કરતા એક રિક્ષા ચાલક પાસેથી જાણવા મળ્યું કે આરોપી છ મહિના પહેલા કર્વીમાં જોવા મળ્યો હતો અને અગાઉ નવી દુનિયા બનકટમાં ભાડુઆત તરીકે રહેતો હતો. ત્યાં તપાસ કરતાં જાણવા મળ્યું કે આરોપી હાલ દિલ્હી-હરિયાણા વિસ્તારમાં મજૂરી કરે છે અને બીજા લગ્ન કરીને પરિવાર સાથે ગુરુગ્રામના ઘાટા ગામમાં રહે છે. આ માહિતીને આધારે ટીમ હરિયાણા પહોંચી અને તા. ૧૨/૧૨/૨૦૨૫ના રોજ ઘાટા ગામમાં આરોપીની વોચ ગોઠવી હતી. આઠ કલાક સ્થાનિક વેશ પલટાવીને વોચ કર્યા બાદ રાત્રે ૧૦ વાગ્યે આરોપી પોતાના ઘરે આવ્યો અને બાળક સાથે દુકાન તરફ જતો હતો ત્યારે તેને પકડી પાડવામાં આવ્યો હતો. આરોપીને સ્થાનિક પોલીસ સ્ટેશનમાં લઈ જઈને કાયદેસર કાર્યવાહી કરી સુરત લાવવામાં આવ્યો છે. આરોપીની પૂછપરછ કરતા તેણે જણાવ્યું હતું કે પેરોલ બાદ પોલીસ પકડથી બચવા બીજા લગ્ન કરી લીધા અને પરિવારનો સંપર્ક કરતો ન હતો. અને છ-છ મહિના અલગ અલગ જગ્યા પર કામ કરી લોકેશન બદલતો હતો.

સુરતમાં ઠંડીમાં વધઘટ જારી, દિવસનું તાપમાન ઘટ્યું, રાતનું વધ્યું

સુરતઃ સુરત શહેરમાં ગઈકાલની સરખામણીએ આજે હવામાનમાં સ્પષ્ટ ફેરફાર જોવા મળ્યો હતો. મહત્તમ તાપમાનમાં 2.1 ડિગ્રીનો ઘટાડો, લઘુત્તમ તાપમાન 1.3 ડિગ્રી વધ્યું છે. ગઈકાલે શહેરનું મહત્તમ તાપમાન 34.8 ડિગ્રી નોંધાયું હતું, જે આજે ઘટીને 32.7 ડિગ્રી સેલ્સિયસ રહ્યું છે. આમ મહત્તમ તાપમાનમાં 2.1 ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો. બીજી તરફ, લઘુત્તમ તાપમાન ગઈકાલે 15.1 ડિગ્રી હતું, જે આજે વધીને 16.4 ડિગ્રી નોંધાયું છે. એટલે કે રાત્રિના તાપમાનમાં 1.3 ડિગ્રીનો વધારો જોવા મળ્યો છે. હવામાં ભેજનું પ્રમાણ પણ નોંધપાત્ર રીતે ઘટ્યું છે. ગઈકાલે ઉત્તર દિશાનો 4 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો, જ્યારે આજે ઉત્તર-પૂર્વ દિશાનો 4 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન રહ્યો હતો. મહત્તમ તાપમાનમાં થયેલા ઘટાડા અને ભેજ ઓછું થતાં શહેરમાં ઠંડકનો અહેસાસ વધ્યો હોવાનું હવામાન નિષ્ણાતોનું માનવું છે.

કોંગ્રેસની માથાકૂટ: હવે ઉધના વિધાનસભા પ્રમુખ સહિત 7નાં રાજીનામાં

રાજીનામાં ધરી દેનારા સુરેશ સુહાગીયા સહિતના અમુક નેતાઓની ત્રણ દિવસ પહેલાં હાર્દિક પટેલ સાથે થયેલી મુલાકાતને લઈને અટકળો શરૂ

સુરતઃ કોંગ્રેસના મોવડી મંડળ દ્વારા દિવાળી પહેલા નવા શહેર પ્રમુખપદે યુવા નેતા વિપુલ ઉધનાવાળાને કમાન સોંપાઈ. પરંતુ તેની સામે કોંગ્રેસના જ નેતાઓમાં ભભુકતો રોષ શહેર સંગઠનની નવી વરણી સાથે બહાર આવ્યો છે.

રવિવારે સાત હોદ્દેદારોના રાજીનામાં પડયા બાદ આજે ઉધના વિધાનસભાના પ્રમુખ અવધેશસિંહ સહિત છ કાર્યકરે કોંગ્રેસના સક્રિય સભ્યપદેથી પણ રાજીનામાં આપી દેતા કોંગ્રેસના વર્તુળોમાં સોંપો પડી ગયો છે.

જો કે ગઇકાલે રાજીનામું આપી દેનારા સુરેશ સાવલીયા અને અન્ય સૌરાષ્ટ્રવાસી નેતાઓ ત્રણ દિવસ પહેલા સુરત આવેલા હાર્દિક પટેલને મળ્યા, ત્યારથી આ ખેલ ગોઠવાયો હોવાની પણ ચર્ચા ઉઠી છે.

ઉધના વિસ્તારમાંથી કોંગ્રસેના ઉમેદવાર તરીકે ચૂંટણી લડી ચુકેલા અવધેશસિંહ અને તેની સાથે અન્ય સાત નેતાએ કોંગ્રેસમાંથી રાજીનામા આપી દીધાં છે. તેની સાથે એક પૂર્વ મહિલા કોર્પોરેટરના પતિ અને મનપાની ચૂંટણી લડી ચૂકેલા અન્ય બે ઉમેદવારોનો પણ સમાવેશ થાય છે.

દરમિયાન પુણા વિસ્તારના કોંગ્રેસના સક્રિય નેતા અને શિક્ષણ સમિતિના સભ્ય રહી ચૂકેલા સુરેશ સાવલીયા તેમજ કોંગ્રેસના નેતા મહેશ કેવડીયા ભાજપના ધારાસભ્ય હાર્દિક પટેલને ત્રણ દિવસ પહેલા જ મળ્યા હોવાના ફોટો પણ વાયરલ થતા રાજકારણ ગરમાયું છે.

ભેસ્તાનના શ્રમજીવીને સાયબર ઠગ 72 હજારમાં રડાવી ગયો

સુરતઃ ભેસ્તાન ભગવતીનગરમાં રહેતા અને મજૂરીકામ કરતા સિંધુ વિનય સિંહ (ઉ.વ. 33)ને ગત 4 નવેમ્બરના રોજ સાંજે લગભગ પાંચ વાગ્યાના સમયે તેમના મોબાઈલ પર એક અજાણ્યા વ્યક્તિનો વોટ્સએપ કોલ આવ્યો હતો. કોલ કરનારાએ પોતે પાર્સલ સંબંધિત કામ સાથે જોડાયેલો હોવાનું જણાવી વિશ્વાસ કેળવ્યો હતો. તેણે પાર્સલ મોકલાવવાની પ્રક્રિયા માટે થોડી રકમ ભરવાની જરૂર હોવાનું કહી શરૂઆતમાં નાની રકમ માગી હતી. વાતોમાં ભોળવાયેલા શ્રમજીવીએ જરૂરિયાત સમજીને રકમ ટ્રાન્સફર કરી હતી. ત્યારબાદ અલગ-અલગ બહાનાં બનાવી વધુ ચુકવણીની માગણી કરવામાં આવી હતી. 7 નવેમ્બર સુધીમાં ટુકડે-ટુકડે કરીને કુલ રૂપિયા 72 હજાર સિંધુ પાસેથી ટ્રાન્સફર કરાવી લેવાયા હતા. રકમ ચૂકવ્યા બાદ પણ પાર્સલ અંગે કોઈ સ્પષ્ટ માહિતી નહીં મળતા અને ફોન પર સંપર્ક નહીં થતાં સિંધુ વિનય સિંહને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચુકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹ 6 +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

કબુતર, મચ્છર જાળી ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

CM PEST CONTROL લાઈફ ટાઈમ ખાત્રી પૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958 / 9374726017

ઘરબેઠા તાત્કાલિક LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

જમીન પુરાણ માટેનો મલબો (માટી)નો મોટો જથ્થો વ્યાજબી ભાવે મેળવવા માટે સંપર્ક કરો સંપર્ક સમય સવારે ૧૦થી ૬ મો. 9998816308

PRESIDENT PEST CONROL 35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

ઘરબેઠા TV, LCD LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં દામીની ઈલેક્ટ્રોનિક્સ, અડાજણ. 9898302700

લાઈફ હિંચકાના કડાં, અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરન્ટેડ ફિટીંગ : 8460222292, 8460222282

હિંચકાના કડાંવાલા કડાં, તોડફોડ કર્યા વગર, અમેરીકન ટેકનોલોજીથી ગેરન્ટેડ ફિટીંગ. Mobile: 9099663638

વ્યસન છોડાવા ઘરે પાવડર- ટીપા અજમાવ્યા ? નશો ન છૂટયો ? અમને ચાન્સ આપો, અમે છોડાવીશું, સેકન્ડ ચાન્સ રિહેબ. સુરત. સાચી સારવાર. 9978071218

ઓમશિવ ટ્રાવેર્લ્સ 17 રાત્રે, દ્વારકા, સોમનાથ, વિરપુર, ચોટીલા, 25 રાત્રે, (ઉજ્જૈન, ઓમકારેશ્વર, સિહોર) (અંબાજી, મોઢેરા, બહુચરાજી, સારંગપુર) 24- રાત્રે, (ગોકુલ, મથુરા, વૃંદાવન, બરસાણા) (રણઉત્સવ, કચ્છ, માંડવી, આશાપુરા માતા, અંજાર, મોગલધામ) ખરવરશેરી, ભાગળ, સુરત. -9537838949, 9327199997

હોમાભક - સુંદરકાંડ દ્વારાં આર્થિક - માનસિક - શારીરિક વાસ્તુ દોષ સમસ્યા નિવારણ 99987 87143

નોકરી વિષયક

દાંતના દવાખાના માટે જોઈએ છે (૧) ડેન્ટલ આસિસ્ટન્ટ (પાર્ટ ટાઈમ) (૨) ફોર વ્હીલ ડ્રાઈવર. વાઈટલ ડેન્ટ કેર, ભટાર રોડ. મળવાનો સમય સાંજે ૭ વાગ્યે Mo. 9898359719 (689)

પ્રીમિયમ કોમર્શિયલ પ્રોપર્ટી ભાડેથી / વેચાણથી
• **વરાછા રોડ :** હીરાબાગ સર્કલ, મંગલદિપ કોમ્પલેક્ષ, પહેલે માળે ૫૨૮૦ સ્કે. ફીટ કારપેટ. હોસ્પિટલ, કોર્પોરેટ ઓફીસને લાયક.
દલાલ આવકાર્ય. 93138-06341

પ્રિન્ટીંગના મશીન કામ માટે માણસો જોઈએ છે કમ્પ્યુટર આવડવું હોવું જોઈએ, ઉંમર 20 થી 25 વર્ષ 6353685196 ઘોડદોડ રોડ સુરત.

પેટ્રોલ પંપ પર કામ કરવા માટે છોકરાઓ/ છોકરીઓ જોઈએ છે ગજાનન પેટ્રોલિયમ, કતારગામ, સુરત. મો.9157675490, 7041801379 (688)

TAX Advocateની ઓફિસ માટે કોમ્પ્યુટર જાણકાર FEMALE / MALE કૈલાસનગર, સગરામપુરા, સુરત. મો.9173713932

મિલ્કત દે-લેવ

હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં 756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

મિલ્કત ભાડેથી

સચિન હોજીવાલા થી નજીક વેરહાઉસ ભાડે આપવાનૂ છે 130 X 65 અને 23 ફૂટ હાઈટ વાળો તૈયાર શેડ... સ્ટાફ માટે રૂમ ની સગવડ પણ મળી રહેશે... 3 ફેઈઝ વીજળી કનેક્શન તથા મીઠા પાણી નો બોર... પણ ઉપલબ્ધ... પલસાણા થી ફક્ત 6 k.m. અને હોજીવાલા થી ફક્ત 2 k.m. એડ્રેસ મુ.પો. કછોલી, લાજપોર તરાજ રોડ. જિલ્લા સુરત. વધુ માહિતી માટે સંપર્ક કરો.. 9924441820

મિલ્કત વેચવાની છે

5 BHK Independent બંગલો વિશ્વકર્મા સોસાયટી, બિલીમોરામાં વેચવાનો છ